મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૧ ટકા

**ગાંધીનગર તાપમાન**


# શહેરમાં જંગલી પ્રાણીઓનો વધતો આતંક

## રખડતા કૂતરા, નીલગાયો, કપિરાજનો શહેરમાં આતંક વધ્યો : વન વિભાગ યોગ્ય પગલા લે તેવી લોકમાંગણી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં રખડતા ઢોર, નીલગાય, કૂતરાઓ અને કપિરાજનો આતંક યથાવત છે. કપિરાજના આતંક દિવસે ને દિવસે





વધી રહ્યો છે. જેના કારણે શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ગાંધીનગરમાં વનરાજી ઘટવાથી આ તમામ વન્યજીવો શહેરી વિસ્તારમાં પગ પેસારો કરી રહ્યા છે જેની સંખ્યા વધી રહી છે. દરેક સેક્ટરોમાં કૂતરા, રખડતા ઢોર, નીલગાયો અને કપિરાજનો તરખાટ ચાલી રહ્યો છે જેમાં માણસોને ભય સતાવી રહ્યો છે. વન વિભાગ તંત્ર દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી ન કરવામાં આવતા જંગલી પ્રાણીઓ માનવ વસાતમાં ઘૂસી રહ્યા છે. રખડતા ઢોરનો પ્રશ્ન તો કેટલાય દિવસોથી ચાલી રહ્યો જ છે આ ઉપરાંત કૂતરાઓ અને કપિરાજનો આતંક પણ શહેરીજનો માટે કંટાળાજનક થવા પામ્યો છે. ગાંધીનગરમાં જંગલ વિસ્તારમાં આ જંગલી પ્રાણીઓનો વસવાટ જોવા મળતો હતો જે હાલમાં શહેરીકરણના વિકાસ થવામાં જંગલનો નાશ થયો છે અને જંગલ વિસ્તારનું જે પ્રમાણ હોવું જોઈએ તે હવે ઓછુ થઈ ગયું છે. તેના કારણે માનવ વસાહતમાં જંગલના પ્રાણીઓ આવી રહ્યા છે. નીલગાયો પણ સર્કલો પર ટોળુ વળેલી જોવા મળે છે જે માર્ગોની આસપાસ હોય છે અને અચાનક જ માર્ગ પર દોડી આવે છે ત્યારે ગંભીર અકસ્માતો સર્જાય છે.

હાલમાં જોતા રખડતાં કૂતરા, કપિરાજ કંઈક અલગ રીતે જ વર્તાઈ રહ્યા છે. માણસોને જોતા જ કપિરાજ ભયંકર હંગામો મચાવી રહ્યા છે. કપિરાજનું આખુ ટોળુ માનવ વસાહતમાં દોડાદોડી મચાવીને વાહનોને નુકસાન પહોંચાડવા સહિત લોકોના ઘરમાં ઘૂસી જાય છે અને વિફરેલા કપિરાજ માણસોને ગંભીર ઈજાઓ પહોંચાડી રહ્યા છે. રખડતાં કૂતરાઓ પણ માણસોને જોઈને પાછળ પડે છે. વાહનોની પાછળ દોડે છે તેથી શહેરમાં આ જંગલી પ્રાણીઓના કારણે ભયનો માહોલ સર્જાયો છે. નાના બાળકોને જાહેરમાં મેદાનોમાં રમવા મોકલવામાં પણ શહેરીજનો વિચાર કરતા થયા છે. કારણ કે કપિરાજનું ટોળું કે કૂતરાઓનું ટોળુ ગમે તે સમયે ફરી વળે છે અને નુકસાન પહોંચાડી જાય છે.

### જંગલી પ્રાણીઓ માનવવસ્તીમાં

પાટનગરમાં વર્ષો પહેલા ગ્રીનરીનું પ્રમાણ સૌથી વધુ જોવા મળતુ હતુ જેને જોતા હાલમાં ગ્રીનરીનું પ્રમાણ ઓછુ થઈ ગયું છે. શહેરમાં ઈન્દ્રોડા ઉદ્યાન વિસ્તારમાં જંગલી પ્રાણીઓનો વસવાટ જોવા મળતો હતો જે ગ્રીનરીનું પ્રમાણ ઘટતા માનવવસ્તીમાં પગપેસારો કરી ચૂક્યા છે. આ જંગલી પ્રાણીઓના કારણે માણસો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને ભયનો માહોલ ઉભો થયો છે.



આઝાદીકા અમૃતમહોત્સવ ૭૫ વર્ષ પુરા થતા તાલુકાના મહુન્દ્રા ગામેં સહયોગ ગ્રુપ અને ગ્રામપંચાયત થકી વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો સ્કૂલના બાળકો આગેવાનો શંભુજી ઠાકોર, આઈ બી વાઘેલા, એસ પી ઠાકોર, સરપંચ નરેન્દ્રસિંહ, મહામંત્રી લાલભાઈ ,નાથુભાઈ ચૌધરી વિગેરે જોડાયા હતા.

### સમસ્ત બ્રહ્મસમાજના સભ્યો જોગ

ગાંધીનગર, તા. ૨૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના જે કોઈ આજીવન સભ્ય પોતાના કોઈ પણ પ્રસંગ કરવા માટે ભાડે રાખવા માગતા હોય તો હાલ જે જનરલ ભાડુ ચાલે છે તેમાં ૨૦ટકાની રાહત આપવાનો નિર્ણય લેવાયો છે જેની દરેક આજીવન સભ્યોએ નોંધ લેવા પ્રમુખ નરેશભાઈ દવે અને મહામંત્રી મુકેશ શુક્લએ જણાવ્યું હતું.



શ્રાવણ માસ અમાસનોં યજ્ઞ - કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર દ્વારા અમાસનો શિવ યજ્ઞ યોજવામાં આવેલ તેમાં હોદ્દેદાર, ટ્રસ્ટી, કારોબારી સભ્યો અને શિવ ભક્તો દ્વારા દર્શનનો લાભ લેવામાં આવેલ.

# મધુર ડેરી અને આયુષ્ય મંત્રાલય દ્વારા રૂપાલમાં આયુર્વેદિક કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

પવિત્ર શ્રાવણ મહિનાના છેલ્લા દિવસે તા. ૨૭-૮-૨૨ શનિવારના રોજ ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ



લિ. મધુર ડેરી અને ગુજરાત સરકારના આયુષ મંત્રાલય દ્વારા આયોજીત સ્વાસ્થ્ય અભિયાન અન્વયે આયુર્વેદિક કેમ્પ, ગાંધીનગર તાલુકાના રૂપાલ મુકામે યોજવામાં આવ્યો હતો. કેમ્પમાં મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, રૂપાલ દૂધ મંડળીના ચેરમેન જયંતિભાઈ પટેલ, મંત્રી મનીષભાઈ પટેલ, સેવા સહકારી મંડળીના ચેરમેન જીતેન્દ્રભાઈ પટેલ, મંત્રી કૌશિકભાઈ પટેલ, સરપંચ વિલાસબા, રવિરાજસિંહ, ડે. સરપંચ મહેશભાઈ, નરેશભાઈ ઠાકોર, જગદીશભાઈ, જિલ્લા સદસ્ય હંસાબેન પટેલ તથા સે. ૨૨ આયુર્વેદિક હોસ્પિટલના ડૉ. સંગીતાબેન વગેરેએ દીપ પ્રગટાવી આયુર્વેદિક હોમિયોપેથીક નિદાન અને સારવારના કેમ્પને ગ્રામજનો માટે શરૂ કરવામાં આવ્યો હતો. આયુર્વેદિક હોસ્પિટલના યોગ પ્રભારી પંકજભાઈ દ્વારા યોગથી જીવનમાં થતા ફાયદાઓ હળવી યોગીક કસરતો કરાવી. ડૉ. સંગીતાબેને આયુર્વેદની સારવારથી રોગના કાયમી નિવારણ અંગે બધાને અવગત કરાવ્યા હતા.

મધુર ડેરીના ચેરમેને જણાવ્યું હતું કે ચોમાસાની ઋતુમાં રોગનું પ્રમાણ વધતુ હોઈ આ સમયમાં દૂધ ઉત્પાદકો અને સાથે ગ્રામજનોના લાભાર્થે મધુર ડેરી અને ગુજરાત સરકારના આયુષ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે આવા કેમ્પો યોજવાના ભાગરૂપે રૂપાલમાં કેમ્પ રાખવામાં આવ્યો હતો. હાજર સૌને ઈમ્યુનિટી કીટનું વિનામૂલ્યે વિતરણ અને રોગપ્રતિકારક ઉકાળાનું સેવન કરાવ્યુ હતું.

વિશાળ સંખ્યામાં ગામ લોકોએ ભાગ લીધો હતો. ખૂબ સારો પ્રતિસાદ મળતાં આગામી દિવસોમાં અન્ય ગામોમાં પણ આ લાભ મળે તેવી વ્યવસ્થા મધુર ડેરી દ્વારા કરવામાં આવશે તેમ મધુર ડેરીના ચેરમેને જણાવ્યુ હતું.

# નેચર ફર્સ્ટ પ્લાસ્ટિક મુક્ત અભિયાન અને વૃક્ષારોપણ

શનિવારે ૫૬મુ અભિયાન સેક્ટર-૧ તળાવ પાસે કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ



ત્રિવેદીએ પ્લાસ્ટિક વપરાશ કેટલો ખાતરનાખ છે તે જણાવેલ અને પ્રકૃતિએ અઢળક હવા, પાણી પ્રકાશ આપેલ છે તો આપણે પણ પ્રકૃતિની જાળવણી કરવી જોઈએ તેમ જણાવેલ સાથે સાથે વૃક્ષારોપણ પણ કર્યુ હતું.. અગ્રણીઓના વરદ હસ્તે નેચર ફર્સ્ટના ભામાશા એન પી પટેલ, દાતા હેમેશભાઈ પટેલને શુભેચ્છા પાઠવી હતી. યોગાચાર્યા કાનજીભાઈ, ભલાલા તથા અન્ય મહાનુભાવો અને નેચર ફર્સ્ટની ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણેશજી બનાવવાનો વર્કશોપ યોજાયો



માટીના ગણેશજી ને ઘરમાં લાવી અને તેનું પૂજન તથા તેની પ્રાણ પ્રતિષ્ઠા કરવાનું શ્રેષ્ઠ માનવામાં આવે છે. તો આ હેતુથી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ઈકો ક્લબ દ્વારા માટીના વિવિધ પ્રકારના સુંદર મજાના ગણેશજી બનાવવા નો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ ખૂબ જ સુંદર રીતે ગણેશજી બનાવ્યા હતા. ઉપરાંત શાળાના કોઈપણ વિદ્યાર્થી કે ફેકલ્ટીઝ જો ઘરે ઈકો ફ્રેન્ડલી ગણેશા લાવવા ઈચ્છતા હોય તેમને શાળા દ્વારા બનાવેલ સુંદર મજાના ગણેશજી ઈકો ક્લબ દ્વારા આપવામાં આવ્યા હતા.

# સે-૨૮, ચરેડી રેલવે ક્રોસીગ પાસે ખાડારાજ

## રેલવે મંત્રાલય અને ગાંધીનગર મહાનગર પાલિકા બંને વચ્ચે ઠાગાઠૈયામાં પીસાતી સામાન્ય જનતા

ઉપરોક્ત સ્થળ સેક્ટર ૨૮ અને ચરેડી પાસે આવેલા રેલવે ક્રોસીગની છે છેલ્લા ઘણા સમયથી અહીંયા ઘણા ખાડા પડી ગયા છે આમ જોવા જઈએ તો ગાંધીનગરના રોડ એક એરોપ્લેન ઉતારી શકાય એવા છે પરંતુ જ્યારે વાત જવાબદારીની આવે છે ત્યારે મારું આ કામ નથી એમ બતાવી સામાન્ય જનતા ને હેરાન થવાનો વારો આવતો હોય છે આ જ જગ્યાએથી જો કોઈ નેતા અભિનેતા પસાર થવાના હોય તો તાત્કાલિક ધોરણે આ ખાડા પુરાઈ જાય અને રોડ સમતલ બની જાય એમાં કોઈ બે મત નથી પણ શું આમાં જનતાનો કોઈ વાંક ખરો? ઉત્તર ગુજરાત પેથાપુર





અને અન્ય વિસ્તારમાંથી ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં આવતી અને તે તરફ જતી સામાન્ય જનતા ઉપરોક્ત જગ્યાએ ફરજિયાત પણે બ્રેક મારી આરામથી પોતાનું સાધન પસાર કરે છે કેમકે ખાડા એટલા ઊંડા છે કે અંદર બેસેલા સ્વજનોની કમરમાં દુખાવો થઈ જવાની પૂરેપૂરી શક્યતા છે તેમજ સાધનને પણ નુકસાન થઈ શકે છે આપ બંને સત્તાહ અને એક ગાંધીનગર વાસીની નમ્ર અપીલ છે કે પોતે પોતાની જવાબદારી સ્વીકારી સત્વરે આ ખાડા પુરી સામાન્ય જનતાની સુખાકારીમાં વધારો કરવાની લોકમાંગ ઉઠી રહી છે.

# જન્મદિને વધામણી



નિલેશ પુરુષોત્તમભાઈ શર્મા
મો. ૯૭૧૪૪ ૭૫૫૨૫



ડો. જયંત તદુ
મો. ૯૩૭૬૧ ૩૧૬૮૬



ભગવતી શૈલેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮



હેમેન્દ્ર અ ભટ્ટ
મો. ૯૪૨૮૯ ૧૪૯૪૫



રુદ્રસિંહ સુધીરસિંહ ચાવડા
મો. ૯૭૧૨૭ ૩૪૩૪૦



હિરબા ભાનુસિંહ બિહોલા
મો. ૯૮૨૫૩ ૦૯૧૩૦



રાણા જયવીરસિંહ અશોકસિંહ
મો. ૮૪૦૧૦ ૯૮૩૧૧



અલ્પેશ કાનુગા



સંધ્યા શ્રવણકુમાર મારવાડી
મો. ૯૫૭૪૮ ૨૧૦૭૨



ભગવતીબેન પટેલ
લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૮૨૪૨ ૭૨૮૫૨

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર નક્ષ જયરાજસિંહ, ઉ.વ ૫, ફતેપુરા, સેક્ટર-૧૫
- સ્વ. ઠાકોર રમણજી બબાજી, ઉ.વ, ફતેપુરા, સેક્ટર-૧૫

# આજે ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ભારત વિકાસ પરિષદ - ગાંધીનગર શાખા દ્વારા તારીખ ૨૮/૦૮/૨૦૨૨ ,રવિવાર ના રોજ સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેક્ટર ૧૨ ના હોલમાં ગાંધીનગરની અલગ અલગ ૧૮ શાળાના વિદ્યાર્થીઓના કંઠે રાષ્ટ્ર ભક્તિ તથા રાષ્ટ્રપ્રેમના શોર્ય ગીતોનું એટલે કે રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ નગરવાસીઓને રવિવારની સવાર રાષ્ટ્ર પ્રેમના સૂરમાં તરબતર થઈ ઝુમવા આમંત્રણ પાઠવવામાં આવે છે. તથા આ કાર્યક્રમમાં આર્મી, પોલીસ તથા શિક્ષણ સાથે સંકળાયેલા મહેમાનો પણ ઉપસ્થિત રહેશે.

# સરકારી વાણિજ્ય કોલેજ તથા KCG દ્વારા ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાયો



સરકારી વાણિજ્ય કોલેજ, સેક્ટર ૧૫ તથા KCG, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬/૭/ ૨૦૨૨ થી ૨/ ૮/ ૨૦૨૨ સુધી આંકડાશાસ્ત્ર વિષયના અધ્યાપકો માટે One Week FDP(Faculty Development Programme) નું આયોજન કરવામાં આવ્યું હતું. આશરે ૨૦ વર્ષ બાદ આંકડાશાસ્ત્ર વિષય ઉપર આ વર્કશોપ યોજાયો હતો. જેમાં સંશોધનમાં વપરાતા વિવિધ પરીક્ષણો તેમજ સોફ્ટવેર ની માહિતી આપી JAMOVI સોફ્ટવેર શીખવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન KCGના અધ્યક્ષ સ્થાને સંસ્થાના આચાર્ય ડૉ. એ. એન. સુતરીયાના માર્ગદર્શન હેઠળ આંકડાશાસ્ત્ર વિભાગના અધ્યાપકો પ્રો. ફાલ્ગુની મેસરવાલા તથા પ્રો. રોનક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.